**#BeeWell**

## માતાપિતા અને સંભાળ રાખનારની માહિતી શીટ

### મને આ પત્ર શા માટે મળી રહ્યો છે?

### તમારા બાળકને સંશોધન અભ્યાસમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

તે ભાગ લઈ શકે છે કે કેમ તે તમે નક્કી કરો તે પહેલાં, તમારા માટે એ સમજવું મહત્વપૂર્ણ છે કે સંશોધન શા માટે કરવામાં આવી રહ્યું છે અને તેમાં શું શામેલ હશે. કૃપા કરીને નીચેની માહિતીને કાળજીપૂર્વક વાંચવા માટે સમય ફાળવો. જો કંઇપણ અસ્પષ્ટ છે અથવા જો તમને વધુ માહિતીની જરૂર હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો (નીચે 'વધુ માહિતી' નો વિભાગ જુઓ). આ વાંચવા માટે સમય કાઢવા બદલ તમારો આભાર.

**જો તમારું બાળક પાનખર 2023 માં 10 વર્ષનું થશે,** તો તેમનું વર્ષ જૂથ વિદ્યાર્થીઓના એ સમૂહનો એક ભાગ છે કે જેને અમે પાનખર 2021 થી શરૂ કરીને વાર્ષિક ધોરણે સર્વેક્ષણ પૂર્ણ કરવાનું કહી રહ્યા છીએ. જો તમારા બાળકની શાળાએ ભાગ લેવા માટે સાઇન અપ કર્યું હોય તો તમને ગયા વર્ષે આ માહિતી પત્રક પ્રાપ્ત થયું હશે.

**જો તમે ગયા વર્ષે તમારા બાળક માટે સંશોધન અભ્યાસમાં ભાગ લેવાનું નાપસંદ કરવાનું પસંદ કર્યું હોય**, તો પછી બહાર નીકળવાનો તમારો નિર્ણય હજુ પણ અમારી સિસ્ટમ પર નોંધાયેલ છે અને તમારું બાળક આ વર્ષે સર્વેક્ષણમાં ભાગ લઈ **નહીં** શકે. તમારે ફરીથી ફોર્મ પરત કરવાની જરૂર નથી. જો તમે અગાઉ તમારા બાળક માટે સર્વેક્ષણમાં ભાગ લેવાનું નાપસંદ કરવાનું પસંદ કર્યું હોય પરંતુ તમે ઇચ્છો છો કે તે 2023ના પાનખરમાં ભાગ લે, તો કૃપા કરીને beewell@manchester.ac.uk પર અમારો સંપર્ક કરો.

### સંશોધન વિશે

### આ સંશોધન કોણ કરશે?

પ્રોફેસર નીલ હમ્ફ્રે (Neil Humphrey), માન્ચેસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન (Manchester Institute of Education), યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester), આ અધ્યયનનું નેતૃત્વ કરે છે. આ પ્રોજેક્ટ એ યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester), અન્ના ફ્રોઈડ નેશનલ સેન્ટર ફોર ચિલ્ડ્રન એન્ડ ફેમિલીઝ (Anna Freud National Centre for Children and Families), ચાઇલ્ડ આઉટકમ્સ રિસર્ચ કન્સોર્ટિયમ (Child Outcomes Research Consortium), ગ્રેગસન ફેમિલી ફાઉન્ડેશન (Gregson Family Foundation) અને ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટી (Greater Manchester Combined Authority) વચ્ચે સહયોગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ફક્ત યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester) પાસે નીચે દર્શાવેલ પ્રોજેક્ટ ડેટાસેટની ઍક્સેસ હશે; બાકીની સંસ્થાઓ અન્ય રીતે પ્રોજેક્ટને સમર્થન આપે છે (ઉદાહરણ તરીકે, ચાઇલ્ડ આઉટકમ્સ રિસર્ચ કન્સોર્ટિયમ (Child Outcomes Research Consortium) શાળાઓને તેમની સુખાકારીની જોગવાઈઓ પર માર્ગદર્શન પૂરું પાડે છે).

### સંશોધનનો હેતુ શું છે?

અમારા અભ્યાસ, #BeeWell પ્રોગ્રામનો હેતુ ગ્રેટર માન્ચેસ્ટરના યુવાન લોકોની સુખાકારી (દા.ત. સુખ) ની તપાસ કરવાનો છે. અમે એ પણ જાણવા માંગીએ છીએ કે તેમની સુખાકારી પર શેની અસર થાય છે (દા.ત. સંબંધો, શારીરિક પ્રવૃત્તિ).

*કોને ભાગ લેવા માટે કહેવામાં આવી રહ્યું છે?*

તમારા બાળકની શાળાએ #BeeWell પ્રોગ્રામ માટે સાઇન અપ કર્યું છે, જેમાં વિદ્યાર્થીઓ, નીચે મુજબ, વર્ષમાં એકવાર ઓનલાઇન સર્વેક્ષણ પૂર્ણ કરે છે:

| | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|
| વર્ષ 8 | સર્વેક્ષણ | કોઈ સર્વેક્ષણ નહીં | કોઈ સર્વેક્ષણ નહીં |
| વર્ષ 9 | કોઈ સર્વેક્ષણ નહીં | સર્વેક્ષણ | કોઈ સર્વેક્ષણ નહીં |
| વર્ષ 10 | સર્વેક્ષણ | સર્વેક્ષણ | સર્વેક્ષણ |

*શું સંશોધન પ્રકાશિત કરવામાં આવશે?*

અમે જર્નલ, બ્લોગ્સ, કોન્ફરન્સ પ્રેઝન્ટેશન, ડોક્ટરલ સ્ટુડન્ટ થીસીસ અને વેબસાઇટ્સ અને સોશિયલ મીડિયા પર સારાંશ અહેવાલોમાં અમારા તારણો પ્રકાશિત કરીશું. ભાગ લેતી શાળાઓ, સ્થાનિક સત્તાવાળાઓ, ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટીને સારાંશ પ્રતિસાદ અહેવાલો પ્રાપ્ત થશે. પ્રોજેક્ટ ડેટાસેટ સાર્વજનિક રૂપે પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આનો અર્થ એ થશે કે અન્ય સંશોધનકારો યુવાનોની સુખાકારી વિશેના તેમના પોતાના પ્રશ્નોના જવાબો માટે આ ડેટાનો ઉપયોગ કરી શકે છે. ઉપરોક્ત તમામમાં, તમારા બાળકના જવાબો સંપૂર્ણ અનામી રાખવામાં આવશે.

*ડિસ્ક્લોઝર અને બારીંગ સર્વિસ (DBS) તપાસ*

સંશોધન ટીમના દરેક સભ્યોની એનહાન્સ્ડ ડિસ્ક્લોઝર લેવલે DBS તપાસ કરવામાં આવી છે.

*સંશોધન પ્રોજેક્ટની સમીક્ષા કોણે કરી છે?*

આ પ્રોજેક્ટની સમીક્ષા અને મંજૂરી યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર સંશોધન નૈતિકતા કમિટી 1 (સંદર્ભ: 2021-11133-18179) દ્વારા કરવામાં આવી છે.

*સંશોધનને ભંડોળ કોણ પૂરું પાડે છે?*

આ પ્રોજેક્ટને યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર, ધ ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટી, પોલ હેમલિન ફાઉન્ડેશન, ધ ગ્રેગસન ફેમિલી ફાઉન્ડેશન, ધ હોલરોઇડ ફાઉન્ડેશન, ધ નેશનલ લોટરી કમ્યુનિટિ ફંડ, ધ ઓગલેસ્બી ચેરીટેબલ ટ્રસ્ટ, ધ પીટર કંડિલ ફાઉન્ડેશન, બિગ ચેન્જ અને બીબીસી ચિલ્ડ્રન ઈન નીડને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

## મારા બાળકની સહભાગિતા શું હશે?

તમારા બાળકને પાનખર 2023 માં એક સર્વેક્ષણ પૂર્ણ કરવાનું કહેવામાં આવશે, જે માટે તેમને 20-30 મિનિટ લાગશે. આ શાળામાં ઓનલાઇન કરવામાં આવશે.

સર્વેક્ષણમાં ભાગ લેવાના કોઈ નોંધપાત્ર જોખમ અથવા ગેરલાભ નથી. જો કે, અમે તમારા બાળકને સમર્થનનાં અનેક સ્રોતો વિશે જણાવીશું જેની તેઓને જરૂર પડી શકે છે જો તેઓને કોઈપણ સવાલોના કારણે ઉદાસી, ચિંતા અથવા અસ્વસ્થતા (દા.ત. માતપિતા/સંભાળ રાખનાર, ચાઈલ્ડલાઈન, સ્કૂલ સ્ટાફના સભ્ય) લાગે. ભાગ લેવાના કોઈ બાંયધરીકૃત લાભ નથી, પરંતુ સુખાકારીના સર્વેક્ષણો પૂર્ણ કરવાથી કેટલાક યુવાન લોકોને તેમના જીવન વિશે ચિંતન કરવામાં મદદ કરી શકે છે.

*શું ભાગ લેવા બદલ મને અથવા મારા બાળકને વળતર (દા.ત. પૈસા અથવા વાઉચર્સ પ્રાપ્ત થશે) મળશે?*

ભાગ લેવા માટે કોઈ વળતર ઉપલબ્ધ નથી.

*જો મારું બાળક ભાગ લે એવી મારી ઇચ્છા ન હોય અથવા જો હું મારો વિચાર બદલીશ તો શું થશે?*

તમારા બાળકે ભાગ લેવો કે નહીં તે નક્કી કરવાનું તમારા હાથમાં છે. જો તમે પરવાનગી આપો છો, તો તમારા બાળકને પણ પૂછવામાં આવશે કે તેઓ ભાગ લેવા ઈચ્છે છે કે નહીં. તમે બંને કોઈ પણ કારણ આપ્યા વિના, કોઈપણ સમયે બહાર નીકળી શકો છો. જો તમારા બાળકના ભાગ લીધા પછી, તમે નિર્ણય કરો છો કે તમે ઈચ્છો છો કે અમે તેમના સર્વેક્ષણના જવાબો દૂર કરીએ, તો તમે રેકોર્ડ કાઢી નાખવા માટે અમારો સંપર્ક કરી શકો છો. જો કે, એકવાર તમારા બાળકના ડેટાને અનામી રાખવામાં આવ્યા પછી તેને કાઢી નાખવું શક્ય બનશે નહીં, કારણ કે અમે તેમના વિશિષ્ટ ડેટાને ઓળખવામાં અસમર્થ હોઈશું. અમે આશા રાખીએ છીએ કે આ 2026 ના અંત સુધીમાં થશે, તે પછી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી સુરક્ષિત રીતે નષ્ટ કરવામાં આવશે.

આ તમારા ડેટા સંરક્ષણના અધિકારોને અસર કરતું નથી. જો તમે નક્કી કરો છો કે તમે તમારું બાળક ભાગ લે એવું ઇચ્છતા નથી, તો કૃપા કરીને આ શીટના અંતમાં ટૂંકું 'ભાગ લેવાની નાપસંદગી' ફોર્મ ભરો અને નિર્દિષ્ટ તારીખ સુધીમાં ફ્રીપોસ્ટ સરનામાંનો ઉપયોગ કરીને અમને પરત કરો. જો તમે પસંદ કરો છો, તો તમે ઓપ્ટ-આઉટ ફોર્મ પર આપેલી માહિતીનો ઉપયોગ કરીને અમને ટેલિફોન અથવા ઇમેઇલ કરી શકો છો.

## ડેટા સુરક્ષા અને ગોપનીયતા

*તમે મારા બાળક વિશે કઇ માહિતી એકત્રિત કરશો?*

તમારું બાળક આ સર્વેક્ષણમાં ભાગ લે તેના માટે, અમને એવી માહિતી એકત્રિત કરવાની જરૂર છે જે તેમને ઓળખી શકે, જેને "વ્યક્તિગત ઓળખ માહિતી" કહેવામાં આવે છે. અમારે આ એકત્રિત કરવાની જરૂર પડશે:

- નામ, અટક
- વંશીયતા
- અનોખો વિદ્યાર્થી નંબર
- જન્મ તારીખ
- રહેણાંક પોસ્ટકોડ
- નિ:શુલ્ક શાળા ભોજન માટેની યોગ્યતા
- વય જુથ
- લિંગ
- વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો
- વધારાની ભાષા તરીકે અંગ્રેજી

આ માહિતી તમારા બાળકની શાળા અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવશે.

અમે તમારા બાળકના સુખાકારી અને તેમની સુખાકારીને અસર કરતા પરિબળો વિશેની માહિતી પણ એકત્રિત કરીશું. આમાં આ વિશેના પ્રશ્નો શામેલ છે:


- સ્વાયતતા, જીવન અંગે સંતોષ, આશાવાદ અને જીવન માટેની તત્પરતા
- માનસિક સુખાકારી, આત્મગૌરવ, તાણ, મુકાબલો અને લાગણીનું નિયમન
- સકારાત્મક અને નકારાત્મક લાગણીઓ
- આરોગ્ય અને દિનચર્યાઓ, શોખ અને મનોરંજન, શાળા, પર્યાવરણ અને સમાજ, સંબંધો અને ભવિષ્ય
- લિંગ ઓળખ અને જાતિયતા
- સ્થળાંતર સ્થિતિ

*એકત્રિત કરેલી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે?*

અમે તમારા બાળકની શાળા અથવા સ્થાનિક સત્તા દ્વારા આપવામાં આવેલી માહિતીને તેના સર્વેક્ષણ જવાબો સાથે જોડીશું. અમે તેમના રહેણાંક પોસ્ટકોડને સ્થાનિક વિસ્તાર વિશેની જાહેર માહિતી સાથે જોડીશું (ઉદાહરણ તરીકે, તેઓને ઉદ્યાનો અને અન્ય હરિયાળી જગ્યાઓની ઍક્સેસ છે કે કેમ). ભવિષ્યમાં, અમે અમારા પ્રોજેક્ટ ડેટાને તમારા બાળક વિશેની અન્ય માહિતી સાથે લિંક કરવાની યોજના બનાવીએ છીએ, ઉદાહરણ તરીકે, રાષ્ટ્રીય વિદ્યાર્થી ડેટાબેઝમાં શૈક્ષણિક ડેટા (દા.ત. શૈક્ષણિક સિદ્ધિ); લોન્ગીટ્યુડિનલ એજ્યુકેશનલ આઉટકમ્સ ડેટાબેઝમાં રોજગાર અને કમાણીનો ડેટા (દા.ત. વાર્ષિક આવક); કોમ્યુનિટી સર્વિસીસ ડેટાસેટમાં NHS દ્વારા ફંડેડ સામુદાયિક સેવાઓની ઍક્સેસ પરનો ડેટા (દા.ત. બાળકો અને યુવાનોની આરોગ્ય સેવાઓ માટેના રેફરલ્સ); અને, મેન્ટલ હેલ્થ સર્વિસ ડેટાસેટમાં NHS દ્વારા ફંડેડ માનસિક સ્વાસ્થ્ય સેવાઓ (દા.ત. બાળક અને કિશોર માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટે રેફરલ્સ)ની ઍક્સેસ પરનો ડેટા.

*ડેટા કેવી રીતે લિંક થશે અને આ શા માટે લાભદાયક છે?*

ડેટા લિન્કેજ માટેની મૂળભૂત પ્રક્રિયા નીચે દર્શાવવામાં આવી છે:



**માતાપિતાની પરવાનગી UoM ડેટા ધારકને સૂચિ મોકલે છે ડેટા ધારક રેકોર્ડ શોધે છે ડેટા ધારક UoM ને ડેટા મોકલવા માટે નામોને દૂર કરે છે UoM ડેટાનું વિશ્લેષણ કરે છે**

અમારા પ્રોજેક્ટ ડેટાને આ રીતે લિંક કરવાથી યુવાનોની સુખાકારી વિશે આપણે શું જાણી શકીએ છીએ અને તેમના જીવનના અન્ય પાસાઓમાં શું થઈ રહ્યું છે તે કેવી રીતે પ્રભાવિત કરે છે (અને તેનાથી શું પ્રભાવિત થાય છે) તેમાં નોંધપાત્ર રીતે સુધારો થાય છે.

*તમે કયા કાયદાકીય આધાર હેઠળ આ માહિતી એકઠી કરી રહ્યા છો?*

